## રાજકોટ મહાનગરપાલિકા
## ભરતી અંગેની જાહેરાત

**દિવ્યાંગ વ્યક્તિઓ માટે ખાસ ભરતી ઝુંબેશ(Special Recruitment Drive)**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાને ફાળવેલ 'અર્બન હેલ્થ પ્રોજેક્ટ' અંતર્ગત, સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારિત **માત્ર દિવ્યાંગ કેટેગરીની ખાલી જગ્યાઓ** તદ્દન હંગામી ધોરણે અને ફિક્સ પગારથી ભરવા તા.૦૮/૦૩/૨૦૨૬ થી તા.૨૩/૦૩/૨૦૨૬, સોમવાર સુધીમાં ફક્ત ઓનલાઈન માધ્યમથી (www.rmc.gov.in) અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | દિવ્યાંગતાનો પ્રકાર | | | |
|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D & E |
| ૧ | સ્ટાફ નર્સ (U–PHC & U–CHC) | ૧ | ૧ | 0 | 0 | 0 |
| ૨ | ફાર્માસીસ્ટ(U–PHC & U–CHC) | ૧ | 0 | ૧<br>**દ્વિતીય પ્રયત્ન** | 0 | 0 |
| | કુલ | ૨ | ૧ | ૧ | 0 | 0 |

ઉક્ત કેડરની લાયકાત, પગારધોરણ, વયમર્યાદા તેમજ અન્ય સંલગ્ન માહિતી માટે વેબસાઈટ www.rmc.gov.in પરથી જાહેરાત અંગેની સૂચનાઓ: એનેક્ષર-એ ડાઉનલોડ કરી વિગતો મેળવવી.

(સહી:મહેશ જાની,IAS)
નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

# રાજકોટ મહાનગરપાલિકા

## જાહેરાત અંગેની સૂચનાઓ: એનેક્ષર–એ

## દિવ્યાંગ વ્યક્તિઓ માટે ખાસ ભરતી ઝુંબેશ(Special Recruitment Drive)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા શહેરી આરોગ્ય સેવાનું માળખું સુદ્રઢ કરવા રાજકોટ મહાનગરપાલિકાને ફાળવેલ 'અર્બન હેલ્થ પ્રોજેક્ટ' અંતર્ગત, સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારિત ખાલી જગ્યાઓ ભરવાની થાય છે. આ પ્રોજેક્ટ હેઠળ મંજૂર થયેલ નીચે દર્શાવેલ વિવિધ સંવર્ગોની **માત્ર દિવ્યાંગ કેટેગરીની ખાલી જગ્યાઓ** તદ્દન હંગામી ધોરણે અને ફિક્સ પગારથી સીધી ભરતીથી ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. દિવ્યાંગ ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરતા પહેલા નીચે જણાવેલ ભરતીને લગતી માહિતી અને સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરી ઓનલાઈન અરજી ફોર્મ ભરવાનું રહેશે. આ માટે ઉમેદવારે www.rmc.gov.in પર તા.૦૮/૦૩/૨૦૨૬ થી તા.૨૩/૦૩/૨૦૨૬(૨૩.૫૯ કલાક) સુધીમાં લોગીન કરી અરજી કરવાની રહેશે. તેમજ ઓનલાઈન ફી ભરવાની છેલ્લી તા.૨૩/૦૩/૨૦૨૬(૨૩.૫૯ કલાક) સુધીની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | દિવ્યાંગતાનો પ્રકાર | | | |
|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D & E |
| ૧ | સ્ટાફ નર્સ (U-PHC & U-CHC) | ૧ | ૧ (LV) | ૦ | ૦ | ૦ |
| ૨ | ફાર્માસીસ્ટ(U-PHC & U-CHC) | ૧ | ૦ | ૧ (D, HH) દ્વિતીય પ્રયત્ન | ૦ | ૦ |
| | કુલ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ |

## ઉક્ત જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર અને વયમર્યાદાની વિગત નીચે મુજબ છે :–

| ક્રમ | જગ્યાનું નામ | લાયકાત | પગાર અને વયમર્યાદાની વિગત |
|---|---|---|---|
| ૧ | સ્ટાફ નર્સ (U-PHC & U-CHC) | ઈન્ડીયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્ય સંસ્થાઓમાંથી બી.એસ.સી.(નર્સિંગ)નો ડીગ્રી કોર્ષ અથવા ઈન્ડીયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્ય સંસ્થાઓમાંથી જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરીનો ડીપ્લોમાં કોર્ષ અથવા સરકારશ્રી દ્વારા માન્ય કરેલ સમકક્ષ શૈક્ષણિક લાયકાત અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. | પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૪૦,૮૦૦/– અને પાંચ વર્ષની સંતોષકારક સેવા બાદ જગ્યાની જરૂરિયાતને ધ્યાને લઈને સાતમાં પગારપંચ મુજબ રૂ.૨૯૨૦૦–૯૨૩૦૦/–(પે મેટ્રિક્સ લેવલ–૫)(છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે–૨૮૦૦) આપવા અંગે વિચારણા કરવામાં આવશે.–વયમર્યાદા:૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ નહી (રાજ્ય સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારિત જગ્યાઓ) |
| ૨ | ફાર્માસીસ્ટ(U-PHC & U-CHC) | કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારના કાયદા હેઠળ સ્થાપિત અથવા સમાવિષ્ટ કોઈપણ યુનિવર્સીટીમાંથી અથવા અન્ય કોઈપણ શૈક્ષણિક સંસ્થા કે જે યુનિવર્સીટી ગ્રાન્ટ કમીશન એક્ટ–૧૯૫૬ની કલમ–૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સીટી તરીકે માન્યતા પ્રાપ્ત થયેલ હોય તેવી સંસ્થામાંથી બી.ફાર્મ ની પદવી ધરાવતા હોવા જોઈએ<br>અને<br>– ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા/ગુજરાત ફાર્મસી કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોવું જોઈએ.<br>અને<br>– સરકારી સંસ્થા/સરકાર હસ્તકની સંસ્થા/બોર્ડ/મ્યુનિ.કોર્પોરેશનમાં જુનીયર ફાર્માસિસ્ટ તરીકેનો અથવા માન્ય એલોપેથી હોસ્પિટલ/ડીસ્પેન્સરીમાં ડિસ્પેન્સર/કમ્પાઉન્ડર તરીકેનો અથવા કંપની એક્ટ–૨૦૧૩ હેઠળ સ્થપાયેલ કોઈપણ ફાર્માસ્યુટિકલ કંપનીમાં ફાર્માસિસ્ટ/મેડીકલ રિપ્રેઝન્ટેટિવ તરીકેનો ૦૨(બે) વર્ષનો અનુભવ<br>અને<br>ગુજરાત સિવિલ સર્વિસીઝ ક્લાસીફીકેશન એન્ડ રિક્રૂટમેન્ટ(જનરલ) રૂલ્સ–૧૯૬૭ માં દર્શાવેલ અને વખતો–વખતના સુધારા મુજબનું કોમ્પ્યુટર એપ્લીકેશનનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા જોઈએ<br>અને<br>ગુજરાતી અથવા હીન્દી અથવા બન્નેનું જ્ઞાન ધરાવતાં હોવા જોઈએ. | પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૪૦,૮૦૦/– અને પાંચ વર્ષની સંતોષકારક સેવા બાદ જગ્યાની જરૂરિયાતને ધ્યાને લઈને સાતમાં પગારપંચ મુજબ રૂ.૨૯૨૦૦–૯૨૩૦૦/–(પે મેટ્રિક્સ લેવલ–૫)(છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે–૨૮૦૦) આપવા અંગે વિચારણા કરવામાં આવશે.–વયમર્યાદા:૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ નહી (રાજ્ય સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારિત જગ્યાઓ) |

## નોંધ

- ઉક્ત જગ્યા પર ઉમેદવારી નોધાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે અન્ય કોઈ માધ્યમ મારફતે કરવામાં આવેલ અરજી રદબાતલ ગણવામાં આવશે. ઉપરોક્ત જગ્યાઓ તથા તેને લગત વધુ વિગતો www.rmc.gov.in પરથી મેળવી શકાશે.
- ફક્ત જગ્યાની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ અરજી ફી રીફંડ થશે નહિ/પરત મળશે નહિ.
- અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ લાયકાત, અનુભવ, ઉમર અને અન્ય તમામ પ્રકારની સંલગ્ન ગણતરી કરવામાં આવશે અને ઓનલાઈન અરજીમાં ખોટી વિગતો રજુ કરનાર ઉમેદવારને ભરતીની આગળની કાર્યવાહી માટે ગેરલાયક(નોટએલીજીબલ) ગણવામાં આવશે તથા અરજી કરતી વખતે ઉમેદવારે સબમીટ કરેલ માહિતીમાં પાછળથી કોઈપણ પ્રકારના સુધારાને ધ્યાને લેવામાં આવશે નહિ.
- શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Details માં પોતાની અશકતતાની ટકાવારી/વિગત દર્શાર્વવાની રહેશે.
- શારીરિક અશક્ત અનામત સિવાયની જગ્યાઓ માટે લગત સંવર્ગની કામગીરી માટે સક્ષમ હોય તેવા જ ઉમેદવારોને ધ્યાને લેવામાં આવશે.
- શારીરિક અશકત તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરીના (બિન અનામત/આર્થિક રીતે નબળા વર્ગો/સા.શૈ.પ.વર્ગ/અનુ.જાતિ/અનુ.જન જાતિ) ઉમેદવાર હશે, તે કેટેગરીના ગણવામાં આવશે તેમજ તે કેટેગરીની જગ્યામાં સમાવવામાં આવશે.
- સા.વ.વિ.ના તા.૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર–૧૦૨૦૦૮–જીઓઆઈ–૭–ગ.૨ મુજબ શારીરિક અશકતતા ૪૦% કે તેથી વધુ હોય તેમને જ શારીરિક અશકતતાના લાભો મળવાપાત્ર રહેશે.
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને ભૂમિની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બૂક ધરાવતા હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.
- ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e–file/1/2023/525/G. તા.૨૪/૦૧/૨૦૨૪ મુજબ માજી સૈનિકો ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તો સદરહુ ઠરાવોની જોગવાઈઓને આધીન ઉમેદવારી નોંધાવી શકશે.
- ઉમેદવારોની આવેલ અરજીની સંખ્યાને ધ્યાને લઈ નિમણુંક અધિકારી દ્વારા ઉમેદવારોના મેરીટ ક્રમાંક નિયત કરવા અંગેની ઉચિત કાર્યપ્રણાલી અનુસરીને પસંદગી કરવામાં આવશે.
- આ જાહેરાત કોઈપણ કારણોસર રદ્દ કરવાની, ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તે અન્વયેનો આખરી નિર્ણય કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે
- ઉમેદવારે ઓનલાઈન અરજી ફોર્મમાં જે પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ Upload કરેલ હોય , તે ફોટોગ્રાફની વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે અને ભરતી પ્રક્રિયા (મૌખિક ઈન્ટરવ્યુ/પ્રેક્ટીકલ ટેસ્ટ/વિગેરે) સમયે તેવો જ ફોટોગ્રાફ રજૂ કરવાનો રહેશે.
- રાજકોટ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીએ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે છેલ્લા માસની પગારસ્લીપ રજૂ કરવાની રહેશે. આ ઉપરાંત જો એક કરતાં વધુ હોદ્દા ઉપર ફરજ બજાવેલ હોય તો પ્રમોશન કે સિલેકશનના હુકમની નકલ અવશ્યપણે રજૂ કરવાની રહેશે.
- તમામ કેટેગરીના ઉમેદવારો માટે ઉપલી વયમર્યાદા તમામ પ્રકારની છુટછાટ સાથે કોઈપણ સંજોગોમાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે ૪૫ વર્ષથી વધુ હોવી જોઈએ નહી, સિવાય કે રાજકોટ મહાનગરપાલિકા ની નોકરીમાં હોય.
- ઉમેદવારે ઓનલાઈન અરજીમાં જે જાતી (કેટેગરી) દર્શાવેલ હશે તેમાં પાછળથી કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
- ઉમેદવારે ઓનલાઈન અરજી ફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઈલ નંબર લખવો અનિવાર્ય છે, જે ઉપર ભવિષ્યમાં ભરતી અંગે સંદેશ આપી શકાય. યોગ્ય મોબાઈલ નંબર લખેલ ન હોય તેવા ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે રાજકોટ મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.
- સદરહુ જગ્યાની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારોને કોઈ જ લેખિત પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં. જેની નોંધ લેવી, ઉમેદવારોએ આ જગ્યાની આગળની ભરતી પ્રક્રિયા અંગેની જાણકારી માટે રાજકોટ મહાનગરપાલિકા ની વેબ સાઈટ http://www.rmc.gov.in જોતા રહેવા વિનંતિ છે.

- ઉમેદવારોએ મૌખિક ઈન્ટરવ્યુ/પ્રેક્ટિકલ ટેસ્ટ/વિગેરે માટે સ્વખર્ચે આવવાનું રહેશે.
- પસંદગીની પ્રક્રીયાના અધિકારો સક્ષમ સત્તા દ્વારા નક્કી કરેલ રાજકોટ મહાનગરપાલિકાની સ્ટાફ સિલેક્શન કમિટી/મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસે અબાધિત રહેશે અને આ કમિટી/મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.
- સદરહુ જગ્યા માટે મહેકમના ખર્ચની નાણાકીય જોગવાઈ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા પૂરી પાડવામાં આવશે.
- સદરહુ જગ્યા માટે સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારિત યોજનાના અનુસંધાને (૧)સામુહીક આરોગ્ય કેન્દ્રની વિવિધ સંવર્ગની કુલ ગેપ(ખૂટતી) પોસ્ટ નવી બાબત (૨) શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે નવી જગ્યાઓ ઉભી કરવા અંગેની નવી બાબત (૩) શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે અને અગાઉ મંજુર થયેલ ખાલી જગ્યાઓ માટે હંગામી મહેકમ ઉપસ્થીત કરવાનું હોઈ, સરકારશ્રીની યોજના અમલમાં હોય અથવા સરકારશ્રી તરફથી ગ્રાન્ટ મળતી બંધ થાય એ બન્નેમાંથી જે વહેલું હોય તેટલા સમયગાળા માટે હંગામી ધોરણે આ મહેકમ મંજુર થયેલ છે. સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારિત હંગામી મહેકમ હોઈ, સંબંધિત યોજના પૂર્ણ થયેથી અથવા સરકારશ્રી તરફથી ગ્રાન્ટ મળતી બંધ થયેથી સંબંધિત હંગામી મહેકમની મુદ્દત આપોઆપ પૂરી થયેલ ગણાશે તથા આ હંગામી મહેકમ ઉપરના તમામ સ્ટાફની નિયુક્તિની મુદ્દત પણ આપોઆપ પૂરી થયેલ ગણાશે, તેમજ સંબંધિત યોજનાના અનુસંધાને નિયુક્ત કરેલ તમામ સ્ટાફ પોતાની ફરજમાંથી આપોઆપ છુટા થયેલા ગણાશે અને છુટા થયેલા સ્ટાફનો રાજકોટ મહાનગરપાલિકામાં આ અંગે કોઈ પણ પ્રકારનો હક્ક, હિસ્સો, દાવો કે લીયન રહેશે નહિ.
- સદરહુ જગ્યા માટે આરોગ્ય શાખા હેઠળ અલાયદા "અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ" ના સરકારશ્રીની ગ્રાન્ટ આધારિત હંગામી મહેકમમાં ભરતી થશે. આ હંગામી સ્ટાફ સેટઅપને રાજકોટ મહાનગરપાલિકાના સ્ટાફ સેટઅપમાં સમાવેશ કરવામાં આવશે નહી.
- સદરહુ જગ્યા માટે નિમણુક થયેલાને ફરજ ઉપર હાજર થતા પહેલા રાજકોટ મહાનગરપાલિકાના દ્વારા નિયત શરતો કબુલ છે તે બાબતનું નોટરાઈઝડ કરારનામું આપવાનું રહેશે.
- પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધારી ઠરાવે તે શરતોને આધિન રહેશે.
- સીધી કે આડકતરી રીતે સ્ટાફ સિલેક્શન કમિટીના સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.
- આપેલ જાહેરખબર કોઈપણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો રાજકોટ મહાનગરપાલિકાનો સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને રાજકોટ મહાનગરપાલિકા આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
- સદર ખાલી પડેલ જગ્યાઓની ભરતી પ્રકીયા જે તે સમયના રોસ્ટર નિયમને આધીન કરવામાં આવશે. જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ, તમામ ઉમેદવારોને આગળની ભરતી પ્રક્રિયા માટે વિચારણામાં લેવા કે મેરીટના આધારે શોર્ટલીસ્ટ કરી આગળની ભરતી પ્રક્રીયા પ્રેક્ટિકલ ટેસ્ટ/વિગેરે માટે વિચારણામાં લેવા તે અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે
- જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ, આગળની ભરતી પ્રક્રિયા માટે ઉમેદવારોને માન્ય ગણવા અંગે નીતી નક્કી કરવા મ્યુનિ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

## કોમ્પ્યુટર વિષયક લાયકાત:

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના સામાન્ય નિયમો-૧૯૬૭ ના નિયમ-૮(૧એ) ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર એપ્લીકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક :સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.પ. સાથેના પત્રક-૧ માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરનાં બેઝીક નોલેજ તરીકે જાહેર કરેલ છે. ઉમેદવાર ગુજરાતી અને હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

## નાગરિકત્વ:

પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર (ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન (ગ) ભૂતાનનો પ્રજાજન અથવા(ઘ) ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૦૧/૦૧/૧૯૬૨ પહેલા ભારતમાં આવેલા તિબેટના નિર્વાસિત અથવા (ચ) પાકિસ્તાન, બર્મા,શ્રીલંકા અને પૂર્વ આફ્રિકાના દેશો- કેન્યા, યુગાન્ડા, વિયેતનામ, ઝામ્બીયા, મલાવી, ઝેર, ઈથોપિયા, યુનાઈટેડ રિપબ્લિક ઓફ ટાન્ઝાનિયાના, દેશોમાંથી સ્થળાંતર કરી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી આવેલ ભારતીય વ્યક્તિ, પરંતુ (ખ) થી (ચ) સુધીના પ્રકારમાની વ્યક્તિઓ ગુજરાત સરકાર પાસેથી પાત્રતા પ્રમાણપત્ર મેળવ્યું હોય તો જ નિમણુંક માટે પાત્ર બનશે. આ જગ્યા માટે ઉમેદવાર ગુજરાત રાજ્યના વતની અને ગુજરાત રાજ્યના ડોમીસાઈલ હોવા જોઈએ.

## અન્ય સૂચનાઓ

- પ્રસ્તુત અનામત જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક: સીઆરઆર–૧૦૨૦૧૭–૧૨૨૬૩૯–ગ.૨ (ભાગ–૧) અને તા.૨૦/૧૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર–૧૦૨૦૧૭–૧૨૨૬૩૯–ગ.૨ મુજબ દિવ્યાંગોની ખાસ ભરતી ઝુંબેશથી ભરવાની થાય છે. ઉપર દર્શાવેલ જગ્યાઓ માટે દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે, તે સિવાયની અન્ય કોઇ દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર બનશે નહીં, દિવ્યાંગ વ્યક્તિઓ સિવાયનાં કોઇપણ કેટેગરીના ઉમેદવાર અરજી કરશે તો તે રદ્દબાતલ ઠરશે અને અરજી ફી ભરેલ હશે તો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોઇપણ સંજોગોમાં ફી પરત આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેશો.
- દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.
- સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા.૨૯.૦૨.૨૪ ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2-Sectionની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૧.૧૨.૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના / જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભમળવાપાત્ર થશે નહીં.
- દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય અને ૭૦% થી ઓછી હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે.
- સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: સીઆરઆર–૧૦૨૦૦૦–જી.ઓ.આઇ.૭–ગ.૨ તથા તા.૧૭/૦૯/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર–૧૦૨૦૦૧૭–૧૨૨૬૩૯–ગ.૨ની જોગવાઈ મુજબ બેંચમાર્ક દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેમને જ દિવ્યાંગતાના લાભો મળવાપાત્ર રહેશે.
- BA અને BL પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂક સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં તા.૦૯/૦૬/૨૦૨૩ નાં ઠરાવ ક્રમાંક: SJED/DIA/EFILE/17/2023/1761/CHH-1 SECTION માં ઠરાવેલી જોગવાઈઓને આધીન રહેશે.
- દિવ્યાંગ માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરી(બિન અનામત/અનુ.જાતિ/અનુ.જનજાતિ/સા.શૈ.પ.વર્ગ /આ.ન.વ)ના ઉમેદવાર હશે, તે કેટેગરીના ગણવામાં આવશે.
- જન્મ તારીખના પુરાવા માટે જન્મ તારીખનો દાખલો/સ્કૂલ લિવિંગ સર્ટીફીકેટ અથવા એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહીં.

### વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૩/૦૩/૨૦૨૬ ના રોજ ગણવામાં આવશે.

(૨) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારે લઘુતમ વયથી ઓછા ન હોવા જોઈએ અને વધુમાં વધુ ૪૫ વર્ષ કરતા વધારે ન હોવા જોઇએ.

(૩) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને ૧૦(દસ) વર્ષ વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે.

### અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ ના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવાની રહેશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા માંગણી થયેથી રજૂ કરવાના રહેશે. અરજીપત્રક

સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ–ક' મુજબનું અથવા તા.૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ–૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫ /૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર'ની મહત્તમ અવધિ (Validity) ઇસ્યુ થયા–વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે, પરંતુ આવું પ્રમાણપત્ર ('પરિશિષ્ટ–૪' અથવા 'પરિશિષ્ટ–ક') અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવું જોઇએ તથા તે સમયગાળા મુજબના પ્રમાણપત્રો હશે તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૮)ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા–પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો રાજકોટ મહાનગરપાલિકાને કરવાની રહેશે. ઉમેદવાર/માતા–પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્ઘ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા–પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૯) પરિણિત મહિલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર તેણીના માતા–પિતાની આવકને આધારે જ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકને આધારે આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેઓની અરજી રદ્ઘ કરવામાં આવશે.

(૧૦) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના(અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ–ગ) માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રના નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૨૬.૦૬.૨૦૨૦ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ (issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આ નિયત નમૂનાનું (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ–ગ) પ્રમાણપત્ર અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવું જોઇએ તથા તે સમયગાળા મુજબના પ્રમાણપત્રો હશે તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

**ના વાંધા પ્રમાણપત્ર:–**

(૧) ગુજરાત સરકારના સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ /કર્મચારીઓ જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન–૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

**ગેરલાયક ઉમેદવાર :–**

(૧) સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

**અનુભવ:**

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે ઓનલાઈન અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ), મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સાથેનું સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર /વિગતોના આધારે નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

**અરજી ફી ભરવાની પધ્ધતિ:**

- દિવ્યાંગ ઉમેદવારોએ અરજી ફી રૂ.૨૫૦/- ભરવાની રહેશે. આ અરજી ફી માત્ર અને માત્ર ઓનલાઈન/નેટ બેન્કિંગથી જ સ્વીકારવામાં આવશે. અરજી ફી ભર્યા બાદ ઉમેદવારે પોતાનો અરજી નં. તથા ટ્રાન્ઝેક્શન આઈ.ડી.સાચવી રાખવાના રહેશે. અરજી ફી ભર્યા બાદ રીફંડ આપવામાં આવશે નહિ. ફી ભર્યા વગરની અરજી રદ્દ થવા પાત્ર રહેશે. અરજી ફી ન ભરનાર ઉમેદવારને કોઈ પણ પ્રકારની મૌખિક ઇન્ટરવ્યુ/પ્રેક્ટીકલ ટેસ્ટ પૈકી નિમણુંક અધિકારી દ્વારા જે કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવશે તેમાં બેસવા દેવામાં આવશે નહિ.

**અગત્યની સૂચના :**

(૧) ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો, પરીક્ષા નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.

(૨) અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહીં.

(૩) અંધ ઉમેદવારે જે લહિયો રાખવાનો હોય તેની સંપૂર્ણ વિગત- (૧) નામ (૨) સરનામું (૩) શૈક્ષણિક લાયકાતની સ્વ-પ્રમાણિત ઝેરોક્ષ નકલ પરીક્ષા અગાઉ રાજકોટ મહાનગરપાલિકા, મહેકમ શાખા(સે.ઝો.)ને મોકલી આપવાની રહેશે અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જરૂરી ચકાસણી બાદ તેની મંજૂરી મળ્યાની ઉમેદવારોને જાણ કરવામાં આવશે. લહિયાની સુવિધા બાબતે રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી રહેશે.

**નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી )**

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ-મેઈલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

(૫) અનામત કક્ષાના ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા તો રજુ કરેલ પ્રમાણપત્રમાં તેઓનો અનુભવનો સમયગાળો, મુળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય, અનુભવનું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય તથા સક્ષમ સત્તાધિકારીની સહી વિનાનું હોય.

**ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-**

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઈપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી, ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઈપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઈપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડા કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી, જો એક જ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઈપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઈ ઉમેદવાર સરકાર/સરકારી સંસ્થા/અર્ધ સરકારી સંસ્થા દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઈપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,
(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય,
(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,
(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,
(૬) તેઓની ઉમેદવારી અંગે કોઈપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,
(૭) કસોટી સમયે કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,
(૮) ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,
(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરિતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,
(૧૦) પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઈજા પહોચાડવી અથવા
(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.
(ક) પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને / અથવા
(ખ) તેને રાજકોટ મહાનગરપાલિકા લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે
(૧) રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને
(૨) કોઈપણ નોકરીમાંથી ગેરલાયક ઠરાવી શકાશે અને
(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરુધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.
(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા ઉમેદવારને /કર્મચારીને
(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,
(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું– હકીકત રજુ કરવા અને
(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

(સહી: મહેશ જાની, IAS)
નાયબ કમિશનર(મહેકમ)
રાજકોટ મહાનગરપાલિકા